# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

ઈ-મેગેઝીન • વર્ષ : ૧ • અંક : ૧૨ • તા. ૧ સપ્ટેમ્બર થી ૭ સપ્ટેમ્બર ૨૦૧૮

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, 2, Krishan Kunj, Valaji Ladha Road, Mulund (West), Mumbai - 80.

## ક.દ.ઓ. સમસ્ત મહાજન - યુવા સમિતિ દ્વારા આયોજિત

# 'જોબ ફેર'ને અપ્રતિમ સફળતા




## Super Successful National JOB FAIR 2018



ધન કરતાં જ્ઞાન
એટલા માટે ઉત્તમ છે
કે ધનની રક્ષા તમારે
જ કરવી પડે છે,
જ્યારે જ્ઞાનતો પોતે જ
તમારી રક્ષા કરે છે.

- સ્વામી સામતીર્થ



નીશિથ આનંદ દંડ

Sure Safety®
Complete Safety Solutions
PPE Training Consulting & Services



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણીલાલ ખોના
લક્ષ્મીચંદ લાલજી પોલડીયા
પ્રવીણ હંસરાજ લોડાયા
તીલોકચંદ નરશી દંડ
કિર્તીકુમાર ધનજી ધરમશી

**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**


Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
B-2, Krishana Kunj,
V.L.Road, Mulund (West)
Mumbai - 400 080.
Tel. 9769991922
9833406124


**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

www.kdosamastamahajan.org
Email :
gyatimaiya2018@gmail.com


**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ ઓઆ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત... સંપાદક સ્થાનેથી

# મળવાનો અને મહાલવાનો મોકો આપતા તહેવારો

શ્રાવણ માસની શરૂઆત એટલે હિંદુધર્મના તહેવારોના મોસમની શરૂઆત. ધર્મ, ભક્તિ, પરિવાર પ્રેમ અને આનંદ મોજના દિવસોનો પ્રારંભ. દરેક શિવાલયોમાં ભક્તો ઉમટે, અમુક દેવ મંદિરોમાં ભગવાનના માટે હિંડોળા શણગારી એમાં ઈષ્ટદેવને ઝૂલાવે, વરસાદ એના પૂર મોસમમાં હોય એટલે પ્રકૃતિ પોતાની લાલી સર્વત્રે નિખારી દીધેલ હોય. વીરપસલી, રક્ષાબંધન, નાગપંચમી, રાંધણ છઠ, શીતળા સાતમ, જન્માષ્ટમી, નંદ મહોત્સવ, ગણેશોત્સવ, અનંત ચતુર્દશી, આપણા પર્વાધિરાજ પર્યુષણ, આ પછી શ્રાધ્ધ પક્ષને આસો માસના પ્રારંભે નવરાત્રી, વિજયા દશમી, શરદ પૂનમથી લાભ પાંચમ, દેવ દિવાળી સુધી તહેવારો પર્વની ઉજવણી લારો લાર થતી હોય છે.

આ તહેવારોની ઉજવણીથી પ્રથા શાને માટે? ગહન પણે વિચારીએતો એ બહાને જેતે દેવોની ભક્તિ થાય, આપણને ઉપયોગી થતાં પ્રાણી, પશુઓ, ઘર વ્યવહારમાં સહાયક વસ્તુઓનો મહિમા થાય, તેમનું ઋણ અદા કરાય. દા.ત. નાગપચમએ દિવસે ખેતર-શેઢામાં ઉપયોગી થતા સર્પ જેવા જીવનું ગુણ ગાન થાય. રોજ ચૂલા દ્વારા અગ્નિદેવને લીધ કાચું અન્ન પકાવાય છે અને ગ્રહણ લાયક ખોરાક તૈયાર થાય છે. એનો શીતલા સાતમના દિવસે ઋણ તર્પણ થાય છે. ઉપવાસ-ફળાહારનું વ્રત ધરવાથી ચોમાસાના દૂષિત હવામાનમાં હોજરીની સફાઈ થાય છે.

ઉત્સવની ઉજવણી કરવાથી રોજે રોજના કાર્યોના લીધે આવેલી ઘરેડ તૂટે છે. દોસ્ત સગા સંબંધીઓની સાથે રહી આનંદ પ્રમોદ થાય છે. રોજે રોજના ખોરાક કરતાં અલગ પાક પકવાન ગ્રહણથી નાવિન્ય મળે છે. ચાલતી આવતી ઘરેડ બદલાય છે. આ બધા મનોહક પરિવર્તન અસર આપણા સ્વભાવ અને વ્યવહારમાં વર્તાય છે. તરો તાજગી પણું આવે છે.

શ્રાવણના ઉત્સવોમાં મુખ્ય આકર્ષણ હોય છે 'મેળા'નું. દરેક ગામ શહેરમાં શ્રાવણી સોમવાર, સાતમ, આઠમ, પૂનમ-અમાસના મેળા હોય. કોઈ મોટા શહેરમાં વિશિષ્ટ દેવમંદિર ન હોય તો જન્માષ્ટમીના તહેવારોને સાંકળી ખૂલ્લા મેદાનમાં પાંચ, આઠ દિવસના લોક મેળા થાય છે. તો મુંબઈ જેવા મેટ્રો સિટીમાં આનંદ મેળો, ફન એન ફેર યોજી મળવાનું અને નિરાંતે મહાલવાનું મોકો બનાવાય છે.

મનો વૈજ્ઞાનિક દ્રષ્ટિથી વિચારીએ તો આપણી સંસ્કૃતિમાં ઉત્સવોના દિવસોને સાંકળી કરાતી ઉજવણી. વ્યવહાર અને સ્વભાવમાંથી આરામ પરિવર્તન હળવાશ, બદલાવ, મજા, કુટુંબ સાથે રહેવાનો આનંદ સાથે સંકળાયેલી છે.

બાળકોને મૂક્ત પણાનો આનંદ, યુવા પેઢીને મિત્રો સાથે ટહેલવાનો મોકો, જ્યારે વયસ્ક જનોને ફરીથી જૂના દિવસો સંભારવાનો અવસર મેળા દ્વારા મળ છે. મેળો એટલે મળવું. આપણાઓને મળીએ ખબર અંતર પૂછીએ હાલ ચાલ જાણી, આપણા સંબંધોમાં પ્રાણ પૂરતા રહેવાનો અવસર મેળો આપે છે. ઉત્સવોની ઉજવણી દ્વારા સંબંધ અને જીવનમાં તરો તાજા પણું આવે છે. એ પણ એટલું ખરું છે.

જય જ્ઞાતિમૈયા

# Super Successful National JOB FAIR 2018





Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan's KDO YUVA committee organised Job Fair for all the Kdo’s around the nation. The event was started at 9:30am at TipTop Plaza in Thane district where KDO community people from all around the India came for getting better jobs by giving interviews in various MNCs. Nearly 43 companies came for recruitment.



The Inauguration was done by Shri Harishbhai Dharamshi and Family.

HD Fire Protect Pvt. Ltd. was the sponsor for the event.

Proclivis Technology Solutions Pvt Ltd. were Digital Partner.

The sponsors were facilitated by the Samasta Mahajan Team.

The registration was started at 9:30am.

The Digital Way

Instead of wasting papers, YUVA Team came up with the idea of QR Code for downloading of the Job Description of the companies which made ease for the recruitees for getting the base knowledge about the company.

Registered candidates had express-in feature where they could just rnter their mobile number and their attendence was marked which was connected to Recruiters/Companies with Android/iOS apps where they could view the list of Interviews they are supposed to take, so that the clutter can be reduced, helping the recriters and recruitees.

The Grooming Desk was always available with the participants for helping them.

Nearly 300+ people applied for the job at the KDO Yuva Job Fair.

Nearly 110 were shortlisted for the next round.

25 KDO Youth were confirmed with their job at the job fair.

Manikantbhai Dhulla, Jayantbhai Chheda, Tejas Khona, Mittal Dharamsey, Devang Nagda, Nirav Mota, Geera Maisheri, Kinal Lodaya (Shah), Jay Lodaya (Shah), Nirav Momaya, Kush Nagda, Divya Momaya (Shah), Ekta Lodaya, Ashwin Lodaya, Labdhi Lodaya (Shah), Anuj Lodaya, Daisy Lodaya, Bhairavi Nagda, Bhavya Dharamsey, Nirali Nagda, Arpan Khona, Parin Mota.

Because of the selfless efforts of the mentioned above people.

The first event of Team YUVA was super successful at national level.

Team YUVA thanks everyone for giving such an amazing and wonderful support.

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 9769991922**

**Read E-Paper @ www.kdosamastamahajan.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**B-2, Krishana Kunj, V.L.Road, Mulund (West) Mumbai - 400 080.**

## ક.દ.ઓ. સમસ્ત મહાજન – યુવા સમિતિ દ્વારા આયોજિત

# ‘જોબ ફેર’ને અપ્રતિમ સફળતા





વર્તમાન સમયમાં યુવાનો સમક્ષ જો સૌથી મોટી સમસ્યા હોય તો તેમના શિક્ષણને અનુરૂપ સંતોષકારક જોબ મેળવવાની છે. ક.દ.ઓ. જ્ઞાતિનો યુવા વર્ગ પણ આ સમસ્યામાંથી બાકાત નથી. આ સળગતી સમસ્યા સુલઝાવવામાં સહાયરૂપ થવાના ઉદ્દેશથી શ્રી ક.દ.ઓ. સમસ્ત મહાજનની યુવા સમિતિએ તા.૧ સપ્ટેમ્બર ૨૦૧૮ના થાણેના ટીપટોપ પ્લાઝામાં ‘જોબ ફેર (રોજગાર મેળા)’નું આયોજન કર્યું હતું. જેમાં જ્ઞાતિના યુવક-યુવતીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ આ પ્રોજેક્ટને અપ્રતિમ સફળતા અપાવી હતી.

આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટના સ્પોન્સરર હતા એચ.ડી. ફાયર પ્રોટેક્ટ. ‘જોબ ફેર’ની શુભ શરૂઆત એચ.ડી.ફાયર પ્રોટેક્ટના શ્રી હરીશ ધરમશીએ રીબીન કાપીને કરી હતી. ત્યારબાદ યુવા સમિતિની જોબ ફેર કમિટીની સક્રિય સભ્ય કુ. મિતલ ધરમશી દ્વારા શ્રી નવકાર મંત્રનું પઠન કરી કાર્યક્રમની શરૂઆત કરી હતી. શ્રી તેજસ ખોનાએ વર્તમાન સમયમાં નોકરીની સમસ્યા હલ કરવા માટે ‘જોબ ફેર’ જેવા પ્રોજેક્ટનું મહત્વ સમજાવ્યું હતું.






# ‘જોબ ફેર’ને અપ્રતિમ સફળતા (પાંચમા પાનેથી ચાલુ)







આ પ્રોજેક્ટની અદ્‌ભૂત સફળતાના આંકડા જોઈએ તો સમગ્ર ભારતમાંથી ૪૩ જેટલી મલ્ટીનેશનલ અને નેશનલ કંપનીઓએ ભાગ લઈ જ્ઞાતિના યુવા વર્ગને જોબ ઓફર કર્યા. જ્ઞાતિના કુલ ૧૭૦ જેટલા નોકરીવાંચ્છુ યુવક યુવતીઓએ આ જોબ ફેરમાં રજીસ્ટ્રેશન કરાવ્યું. જેમાંથી ૨૫ યુવક યુવતીઓને સ્થળ પર જ (ઓન ધ સ્પોટ) અપોઈન્ટમેન્ટ લેટર આપવામાં આવ્યા. ૫૦ ટકાથી વધુ અરજીઓ હજી વિવિધ કંપનીઓ દ્વારા વિચારણા હેઠળ છે એમને પણ ટૂંક સમયમાં એપોઈન્ટમેન્ટ મળવાની શક્યતા છે.

વિશેષમાં પ્રોક્લિવિસ ટેક્નોલોજી પ્રા.લિ.ના પ્રેમલ શાહએ નોકરી વાંચ્છુઓના રજીસ્ટ્રેશનથી લઈને એપોઈન્ટમેન્ટ લેટર સુધીની સંપૂર્ણ પ્રક્રિયા ‘પેપરલેસ’ થાય એ માટેનું સોફ્ટવેર બનાવ્યું હતું જેને યુવાવર્ગે આવકાર્યું હતું.

આ જોબફેરની સફળતાથી પ્રભાવિત થઈ પ્રોજેક્ટના સ્પોન્સરર હરીશ ધરમશી. તેમજ ટીપટોપના મનોજભાઈ શાહએ જણાવ્યું હતું કે ભવિષ્યમાં પણ આ પ્રકારના જ્ઞાતિહિતના પ્રોજેક્ટ્સમાં તેઓ સંપૂર્ણ સહકાર આપશે.

આ જોબ ફેરમાં સમસ્ત મહાજનના મોટા ભાગના ટ્રસ્ટીઓએ ઉપસ્થિત રહી યુવા વર્ગને પ્રોત્સાહન આપ્યું હતું અને ભવિષ્યમાં પણ આવા જ્ઞાતિ ઉત્કર્ષ માટે આવા સુંદર કાર્યોમાં મહાજનના સંપૂર્ણ સાથ સહકારની ખાતરી આપી હતી. એચ.ડી.ફાયર પ્રોટેક્ટના હરીશભાઈ ઉપરાંત હીરેન ધરમશી અને અનિક ધરમશીએ આ પ્રસંગે ઉપસ્થિત રહી કાર્યક્રમની સફળતા અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો.

જ્ઞાતિનો યુવા વર્ગ પ્રતિભાવ આપતાં જણાવ્યું હતું કે જોબફેરની સફળતાથી સંગઠીત થયો છે અને ભવિષ્યમાં પણ આવા પ્રોજેક્ટ્સના આયોજનમાં તેમનો સહકાર મળી રહેશે.

## SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN

2, Krishana Kunj, Valaji Ladha Road, Mulund (West), Mumbai - 80.
Email : gyatimaiya2018@gmail.com / Whats App : 9769991922

આપના સંઘમાં પર્યુષણ પર્વની ધર્મ-આરાધના ધામધૂમથી શરૂ થઈ ગઈ હશે. આપને ત્યાં થયેલ આરાધનાની અનુમોદના કરીએ છીએ.

સવિશેષ જણાવવાનું કે આપના સંઘમાં તપસ્વીઓ તેમજ નાના બાળકોને પ્રોત્સાહન મળે તે માટે શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજનના પરિવારે એક તદ્દન નિ:શુલ્ક સેવા આપવાનું નક્કી કરેલ છે.

૧) દસ વર્ષથી નીચેના બાળકો ત્રણ ઉપવાસ કે તેથી ઉપરની તપસ્યા કરે તે તપસ્વીઓના ફોટા

૨) નવ ઉપવાસ કે તેથી ઉપરની તપસ્યા કરી હોય તે દરેક તપસ્વીઓના ફોટા

૩) અઠ્ઠાઈ કે તેથી ઉપરની તપસ્વીઓની નામાવલીની યાદી

ઉપરની ત્રણે તદ્દન નિ:શુલ્ક સેવાઓ અમે આપના સંઘને આપવા ઈચ્છીએ છીએ, જેથી તપસ્વીઓને પ્રોત્સાહન મળશે. આ બાબતમાં આપ અમને ઉપરની બે સેવાઓ માટે ફોટાઓ તથા ત્રીજી સેવામાં યાદી મોકલી આપવા કૃપા કરશોજી. આ ફોટાઓ અને વિગતો જ્ઞાતિમૈયાના **Email : gyatimaiya2018@gmail.com / Whats App : 9769991922** મોકલવા વિનંતી.

# ‘જોબ ફેર’ને અપ્રતિમ સફળતા (છઠ્ઠા પાનેથી ચાલુ)





સમસ્ત મહાજનના સેક્રેટરી જનરલ નિશીથભાઈ દંડએ આજના કાર્યક્રમનું સંપૂર્ણ શ્રેય યુવા સમિતિના સર્વે યુવા કાર્યકરોને આપ્યું હતું.

આ કાર્યક્રમનું સફળ માર્ગદર્શન શ્રી મણીકાંતભાઈ ધુલ્લા અને જયંત છેડાના સાથ સહકાર અને યુવા સ્વયંસેવકો તેજસ ખોના, દેવાંગ નાગડા, મિતલ ધરમશી, નિરવ મોતા, ગિરા શાહ, જય લોડાયા, નીરવ મોમાયા, ડેઈઝી લોડાયા, ભૈરવી નાગડા, એક્તા ભરત લોડાયા, ભવ્ય ધરમશી, અશ્વિન લોડાયા, કીનલ લોડાયા, અર્પણ ખોના, નિરાલી નાગડા, પરીન મોતા, લબ્ધિ લોડાયા, અનુજ લોડાયા, દિવ્ય મોમાયાને જાય છે.

આ કાર્યક્રમની ફોટોગ્રાફી દેવાંગ પટેલ અને વિડીયોગ્રાફી નીરવ મોતાએ કરી હતી.

## જ્ઞાતિમૈયાના જૂના અંકો જોવા-વાંચવા માટે જુઓ

## www.kdosamastamahajan.org



**આમાં છેલ્લો અંક ઉપરાંત અગાઉના બધા અંક જોવા-વાંચવા મળશે**

**પીડીએફ નકલ ડાઉનલોડ કરી પ્રિન્ટ હાથ વગી કરી શકશો**

# શ્રી વરાડિયા નગરે દેવાધિ દેવ ચિંતામણી પાર્શ્વનાથ દાદાના જિનાલયનો ૧૧૬મો ધ્વજા મહોત્સવનાં લાભ ગામના નિયાણી બહેનોએ લીધો





કચ્છ વરાડિયા તીર્થે શ્રી ચિંતામણી પાર્શ્વનાથ દાદાનાં દરબારે ૧૧૬મી ધ્વજારોહણ મહોત્સવ (શ્રાવણ સુદ ૫) તા.૧૪-૮-૧૮ અને તા.૧૫-૮-૧૮નાં ખુબજ ઉત્સાહપૂર્વક સંપન્ન થયો. ધ્વજા મહોત્સવનો લાભ ગામની સર્વે નિયાણી બહેનોએ લીધેલ.

શ્રી ચિંતામણી પાર્શ્વનાથ દાદાની છાયા, અચલગચ્છાધિપતિ તપચક્ર-ચક્રવર્તી પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.નાં આજ્ઞાવર્તીની મીતભાષી પ.પૂ.ચારૂલતાશ્રીજી મ.સા.ના શિષ્યા હિતચિંતક પ.પૂ.ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા., પ.પૂ. અનંતયશાશ્રીજી મ..સા. અને પ.પૂ.અપૂર્વાશ્રીજી મ.સા.નો લાભ મળેલ.

અઢાર અભિષેક કરાવવા વિધિકાર શ્રી ચંદ્રકાંત દેઢિયા પધારેલ અને ધ્વજારોહણ અને રાત્રી ભાવના કરાવવા વિધિકાર અને સંગીતકાર શ્રી પ્રવિણભાઈ ગોર પધારેલ. રાત્રી ભાવના વખતે ગામવાસીઓએ રાસ ગરબાની રમઝટ જમાવેલ.

તા.૧૪-૮-૧૮ના અઢાર અભિષેક બાદ અષ્ટપ્રકારી પૂજાનો લાભ માતુશ્રી ભાનુમતી કરમચંદ વિકમશી હસ્તે તિલકચંદભાઈએ લીધેલ. આરતી અને મંગળ દીવાનો લાભ શ્રી કુંવરજી રામૈયા પરિવાર, કાવ્યા દિપેશ મોમાયા અને હીરાચંદ પિતાંબર ડાઘા પરિવારે લીધેલ. તા.૧૫-૮-૨૦૧૮નાં મૂળનાયક શ્રી ચિંતામણી પાર્શ્વનાથ દાદાનો પ્રથમ પક્ષાલનો લાભ શ્રીમતી ભારતી ગૌતમ દંડ અને શ્રીમતી દક્ષા લાજેશ મોતા હસ્તે શ્રી તરૂણભાઈ રતનશી લોડાયા (સાંયરા), મૂળનાયક શ્રી ચિંતામણી પાર્શ્વનાથ દાદાનો પ્રથમ ચંદન પૂજાનો લાભ માતુશ્રી રતનબાઈ હેમરાજ મોમાયા હસ્તે શરદભાઈ પરિવાર લીધેલ. શ્રી આદિશ્વર દાદાની પક્ષાલનો લાભ કિયા દર્શન દીપક ડાઘા અને ચંદનપૂજાનો લાભ શ્રી રાઘવજી રામજી મોમાયા પરિવારે લીધેલ. શ્રી ચંદ્રપ્રભુ સ્વામિનાં પક્ષાલનો લાભ અ.સૌ.રૂપાલી કુલદીપ નાગડા(રાજકોટ) અને ચંદનપૂજાનો લાભ અ.સૌ. રોહિણી કિર્તીકુમાર મોમાયા પરિવારે લીધેલ. ૧૭ ભેદી પૂજા વખતે સૂર્ય દર્શનનો લાભ ક.દ.ઓ. જૈન મુંબઈ મહાજનએ લીધેલ. ચંદ્ર દર્શનનો લાભ માતુશ્રી હીરબાઈ રામજી વેલજી ડાઘા પરિવારે લીધેલ. પૂજા બાદ ૧૦૮ ચાંદીની દીવાની આરતી માતુશ્રી તારાબાઈ માણેકજી મોતા પરિવારે દેરાસરને ભેટ આપેલ છે. ગામની સર્વે નિયાણી બહેનો તરફથી દેરાસરજીને ધ્વજા નિમિતે ચાંદીની થાળી ભેટ અપાઈ. દેરાસરજીમાં સર્વે ધાતુજીની પ્રતિમાને ચક્ષુ અર્પણનો લાભ શ્રીમતી મધુબેન દિનેશ લોડાયા પરિવારે લીધેલ. વરાડિયા મહાજન તરફથી પધારેલ દરેક નિયાણી બહેનોને પ્રભાવના આપવામાં આવેલ અને સંઘપૂજન સર્વે બહેનો તરફથી કરવામાં આવેલ.

મહોત્સવ દરમ્યાન સહયોગી દાતાશ્રી (૧) માતુશ્રી ગંગાબાઈ નરશી જેઠાભાઈ દંડ પરિવાર (મલકાપુર) (૨) માતુશ્રી રાજબાઈ કેશવજી વેલજી મોમાયા પરિવાર (મુંબઈ) (૩) શ્રીમતી મનિષા ધીરીશ જયંતિલાલ મોમાયાની દિકરી શ્રીમતી ધરતી પ્રતિક કોઠારી પરિવાર (બગદી-રાજસ્થાન હાલ બેંગ્લોર) (૪) માતુશ્રી ધનબાઈ ભવાનજી મોમાયા પરિવાર (વર્સોવા)

મહોત્સવ દરમ્યાન શ્રી કલ્પેશભાઈ મોતા (રાપર ગઢવારી), તરૂણભાઈ લોડાયા (સાયરા), ગોવિંદજીભાઈ પટેલ (સાંધવ), હિતેશ નાગડા (રાપર), હરિશભાઈ ચુરલા (સાંધાણ) અને હિરાચંદભાઈ ધ્રોળ (સાંયરા) તથા અબડાસાના અનેક ગામના સંઘ પધાર્યા હતા અને શ્રી પ્રબોધ મુનવર અને શ્રી હિરાચંદભાઈ છેડાએ ભુજમાં સાથ-સહકાર આપેલ.

# શ્રી વરાડિયા નગરે દેવાધિ દેવ ચિંતામણી પાર્શ્વનાથ દાદા... (૯મા પાનેથી ચાલુ)





તા.૧૪-૮-૧૮ અને તા.૧૫-૮-૧૮નાં સંગીતકાર અને વિધિકારનાં લાભાર્થી માતુશ્રી કુંવરબાઈ ભવાનજી કાનજી સોની સપરિવાર(જુહુ) તા.૧૪-૮-૧૮ અને તા.૧૫-૮-૧૮નાં ફોટોગ્રાફી અને વિડિયોનાં લાભાર્થી માતુશ્રી લક્ષ્મીબાઈ મુલજી પરબત લોડાયાની દિકરી અ.સૌ. શ્રીમતી જયશ્રી ભરત મોતા (હૈદરાબાદ) તા.૧૪-૮-૧૮ અને તા.૧૫-૮-૧૮નાં દેરાસરજીના સજાવટ અને પ્રભુજીની લાખેણી આંગીના લાભાર્થી માતુશ્રી વેજબાઈ પદમશી મોમાયાની દિકરી શ્રીમતી મીના ગુલાબચંદ મોતા(હૈદરાબાદ) તા.૧૩-૮-૧૮નાં ટ્રેનમાં બપોરના ચા-નાસ્તાના લાભાર્થી માતુશ્રી રતનબાઈ રાઘવજી મોમાયા પરિવારની દિકરીઓ. સાંજના જમવાનાં લાભાર્થી અ.સૌ. શ્રીમતી મધુબાલા લહેરચંદ ડાઘાની પૌત્રીઓ પરિવાર તરફથી રૂા.૧૦નું સંઘપૂજન કરવામાં આવેલ. તા.૧૩-૮-૨૦૧૮નાં ટ્રેનમાં રાતનાં દૂધનાં લાભાર્થી માતુશ્રી વેજબાઈ પદમશી મોમાયાની દિકરીઓ શ્રીમતી વિજયાબેન અને શ્રીમતી લતાબેન.






Mr. Chetan Momaya - Proprietor

OLYMPIA
TRAVELS 'N' TOURS

TAAI ACTIVE MEMBER
SKAL
IATA Accredited Agent

5, Megh Ratan, Derasar Lane,
Ghatkopar(E), Mumbai - 400 077. INDIA
+91-22-25013810 / 11 / 12
+ 91-93240 58414

: olympia_tours@hotmail.com
: info@olympiatourism.in
: www.olympiatourism.in

# શ્રી વરાડિયા નગરે દેવાધિ દેવ ચિંતામણી પાર્શ્વનાથ દાદા... (૧૦મા પાનેથી ચાલુ)









તા.૧૪-૮-૧૮નાં ભુજમાં સવારનાં નવકારશીના લાભાર્થી માતુશ્રી સોનબાઈ લાલજી લોડાયાની દિકરીઓ. તા.૧૪-૮-૧૮નાં બપોરનાં જમવાનાં સાધર્મિક ભક્તિના લાભાર્થી માતુશ્રી ઘોરબાઈ ભવાનજી મોમાયા અને માતુશ્રી ધનબાઈ ધનજી મોમાયા પરિવારની દિકરીઓ, પૌત્રીઓ અને પ્રપૌત્રિઓ.



બપોરનાં ચા-નાસ્તાના લાભાર્થી માતુશ્રી મુરબાઈ મુલજી મોમાયાની દિકરી શ્રીમતી ગીતા રાજેન્દ્ર શાહ (જલગાંવ), સાંજના ચૌવિહારનાં લાભાર્થી માતુશ્રી હીરબાઈ રતનશી ડાઘાની દિકરીઓ.

તા.૧૫-૮-૧૮નાં સવારનાં નવકારશીનાં લાભાર્થી વરાડિયા ગામની સર્વે નિયાણી બહેનો, બપોરનાં સ્વામી વાત્સલ્યનાં લાભાર્થી વરાડિયા ગામની સર્વે નિયાણી બહેનો, બપોરનાં ચા-પાણીના લાભાર્થી માતુશ્રી નવલબાઈ ઝવેરચંદ મોમાયા અને માતુશ્રી ગુણવંતીબેન માણેકજી મોમાયાની દિકરીઓ અને પૌત્રીઓ.

સાંજના ચૌવિહારનાં લાભાર્થી માતુશ્રી સોનબાઈ વસનજી મોમાયા પરિવાર અને માતુશ્રી ચંપાબાઈ હંસરાજ ડાઘા પરિવારનાં સોમિલ અને કુંજલ કિરીટ ડાઘા પરિવાર તરફથી. માતુશ્રી સોનબાઈ વસનજી મોમાયા પરિવારના દિકરા અને દિકરી તરફથી રૂા.૧૦૦નું સંઘપૂજન કરવામાં આવેલ. તા.૧૫-૮-૧૮ના ધ્વજા નિમિતે ભાતાનાં લાભાર્થી કુ.દિવ્યા શરદ હેમરાજ મોમાયા પરિવાર(હુબલી), તા.૧૫-૮-૧૮નાં બસમાં નાસ્તો અને જ્યુશ માતુશ્રી લીલબાઈ ધનજી નરશી મોમાયા અને માતુશ્રી વાલબાઈ માણેકજી રતનશી મોમાયાની દિકરીઓ. દિકરીઓ(પરિવાર) તરફથી લોક એન્ડ લોકનાં ગ્લાસની પ્રભાવના કરવામાં આવેલ.

તા.૧૬-૮-૧૮નાં સવારનાં ટ્રેનમાં નવકારશીનાં લાભાર્થી શ્રીમતી મધુબેન ચંદ્રકાંત મોમાયાની દિકરીઓ.

તા.૧૬-૮-૧૮નાં ટ્રેનમાં બપોરનાં જમવાનાં લાભાર્થી માતુશ્રી ધનબાઈ લખમશી મોમાયા પરિવારની દિકરીઓ.

તા.૨૨-૮-૧૮નાં બકરી ઈદનાં દિવસે સમસ્ત જીવશાંતિ નિમિત્તે નવકાર મહામંત્રનાં એક કલાકનાં જાપ કરવામાં આવ્યા હતા. હવેથી દર રવિવારે સમસ્ત જીવશાંતિ નિમિત્તે નવકાર મહામંત્રના જાપ થશે.

# ભાડુંપનગરે પર્યુષણ પર્વ દરમ્યાન થતી અક્ષયનિધિ તપસ્યાની આરાધનાની શરૂઆત



તા. ૨૯ ઓગસ્ટ ૨૦૧૮ બુધવારે રોજે નગરે દેવાધિદેવ આદિનાથ દાદાની છત્રછાયામાં પર્વાધિરાજપર્વની તૈયારીમાં અક્ષયનનિધિ કુંભ, કલ્પસૂત્ર પોથી અને દીપ સ્થાપના પ.પૂ. તારકગુણાશ્રીજીની નિશ્રામાં જોશ અને ઉમંગથી કરાઈ. શ્રાવક શ્રાવિકાઓની ઉપસ્થિતિ આ કાર્યક્રમની શોભા બની હતી.








**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા


B2B
BUSINESS TO BUSINESS
b2b.kdosamastamahajan.org
First 500
Registrations will get their Business listed on KDO Business Portal FREE
Enroll all the young entrepreneurs to grow their Businesses
No Additional Cost / Investment to Promote your Business
Special Attention and Guidance to Small Businesses
CONTRIBUTE BY GENERATING BUSINESS OPPORTUNITIES IN THE COMMUNITY !
CONTACT : 77094 61935
b2b@kdosamastamahajan.org
"Initiated by Shri KDO Samasta Mahajan"
Office : Room No. : 2, B-Wing, GF Krushnkunj, Valji Ladha Road, Mulund(W), Mumbai-400080
Email : mahajansamast@gmail.com - www.kdosamastamahajan.org

# શ્રી અનંતનાથ દાદાના ૧૮૫મા ધ્વજા નિમિત્તે ૧૦૮ દિવા ની મહાઆરતી



મસ્જિદબંદર સ્થિત શ્રી અનંતનાથજી દેરાસરજીમાં બિરાજમાન ૧૪મા તીર્થંકર ભગવાન શ્રી અનંતનાથ દાદાની ૧૮૫મી ધ્વજા મહોત્સવ (ત્યાનિહાકા) મહોત્સવ શ્રાવણ સુદ ૭ થી શ્રાવણ સુદ ૯ તા. ૧૭.૦૮.૨૦૧૮ થી ૧૯.૦૮.૨૦૧૮ દરમ્યાન રુડી રીતે સંપન્ન થયો. દ્વિતીય દિવસ તા.૧૮.૦૮.૨૦૧૮ શનિવાર સવારે અઢાર અભિષેક અનુષ્ઠાન યોજાયેલ તેમ જ સાંજે ૭.૦૦ કલાકે કુમારપાળ રાજા દ્વારા જિનાલયમાં મહા આરતી તેમ જ ભક્તિ ભાવનાનું આયોજન સંગીતકાર શ્રી વિપુલભાઈ છેડા તથા સાથી કલાકારો જોડે રૂડી રીતે યોજવામાં આવેલ.



કુમારપાળ રાજા જેઓ શાસ્ત્રો દ્વારા વર્ણવાયેલ પૂર્વ ભવમાં પાંચ કોડીના ફૂલડે પ્રચંડ પુન્ય કર્મનું ઉપાર્જનકરી અઢાર (૧૮) દેશના રાજા બનેલ. જૈન ધર્મનો મહિમા ગુરૂ ભગવંત દ્વારા જાણી 'અમારી પાલન' પોતાના સર્વ રાજ્યોમાં કડક રીતે કરાવેલ. કુમારપાળ રાજા બનવાનો ચડાવો માતુશ્રી મંજુલાબાઈ શામજી ખોના, સુથ રી/મસ્જિદબંદર પરિવારના સુપુત્ર તેમજ





# શ્રી અનંતનાથ દાદાના ૧૮૫મા ધ્વજા નિમિત્તે ૧૦૮ દિવા... (૧૪મા પાનેથી ચાલુ)

વર્તમાન શ્રી મુંબઈ મહાજનશ્રીની વ્યવસ્થાપક સમિતિ સભ્ય અને ધાર્મિક સમિતિના કન્વીનર ધર્મનિષ્ઠ શ્રી નરેશ શામજી ખોનાએ લીધેલ. સાંજે ૭.૦૦ કલાકે સંઘના સર્વે જ્ઞાતિજનો એમના નિવાસ સ્થાન ન્યુ અનંત ભુવન, ભાત બજાર ખાતે એકત્ર થઇ વાજતે ગાજતે રથમાં બિરાજમાન મહાઆરતીના લાભાર્થી શ્રી નરેશભાઈ (કુમારપાળ રાજા) તેમના ધર્મપત્ની કુંદનબેન સાથે બિરાજમાન થઇ શ્રી અનંતનાથજી જિનાલય પધારેલ.

ઉપાશ્રયમાં ચાતુર્માસાર્થે બિરાજમાન પૂજ્ય સાધ્વીજી નંદીવર્ધનાશ્રી મ. સા. ને વંદન કરી, આશીર્વાદ, માંગલિક શ્રવણ કરી પૂજ્ય યતિવર્ય શ્રી મોતીસાગરજી મ.સા. ને વંદન કરી આશીર્વાદ મેળવી જિનાલયમાં પધારેલ.

ભક્તિ ભાવનાની રમઝટ વચ્ચે શ્રી વિપુલભાઈ છેડા દ્વારા કુમારપાળ રાજાનો પૂર્વ ઈતિહાસ વર્ણવી સાંજે ૮.૪૫ કલાકે સર્વે (નગરજનો) જ્ઞાતિજનો સાથે શ્રી અનંતનાથ દાદાની ૧૦૮ દીવડાની મહા આરતીની તથા ઉપસ્થિત દરેક જ્ઞાતિજને દીવડા દ્વારા પરમાત્માની આરતીનો મહામૂલો લાભ લીધેલ.

પરિવાર વતી સર્વે ઉપસ્થિત જ્ઞાતિજનોને બુંદીના લાડુની પ્રભાવના કરવામાં આવેલ. તેમજ જીવદયા માં રૂા. ૫૫૫૫/- નો ફાળો માતુશ્રી મંજુલાબાઈ શામજી ખોના પરિવાર દ્વારા જાહેર કરવામાં આવેલ.









# વિદેશ જતાં હુબલીના પરિવારને અપાયું ભાવભર્યું વિદાયમાન



શ્રી ક.દ.ઓ.જૈન મહાજન હુબલીના કચ્છી હાઉસમાં રહેતા શ્રી મિલન દિલીપભાઈ ધરમશી તેમના પરિવાર સાથે યુએસએમાં કાયમી વસવાટ માટે તા.૪-૯-૨૦૧૮ના મુંબઈથી પ્રયાણ કરશે. વર્ષોથી હુબલીમાં સ્થાઈ થયેલ આ પરિવાર ધાર્મિક વૃત્તિમાં પરોવાયેલ હતો અને સામાજીક કાર્યક્રમોમાં અગ્રેસર. એમના વિદેશ ગમનાર્થે શુભેચ્છા સહ વિદાયમાન આપવા તા. ૩૧-૮-૨૦૧૮ ના શ્રી શાંતિલાલ લાલકાને ઘરે ધરમશી પરિવાર તથા તેમના આત્મિય મિત્ર વર્ગ માટે બપોરના જમવાની વ્યવસ્થા કરવામાં આવેલ. સાંજે એમના મિત્ર વર્ગ તરફથી તેમજ કચ્છ હાઉસના રહેવાસીઓ તરફથી ફૂલહાર, મોતીની માળા, શ્રીફળ-પુષ્પગુચ્છ તથા શુભેચ્છા-ભેટ આપી નવાજવામાં આવેલ. ત્યારબાદ અનેક ગીત રજૂ કરેલ અને સૌ મિત્ર પરિવાર આનંદની ક્ષણો માણી ઝૂમી ઊઠ્યા હતા વડીલો સૌ એ આશીર્વાદ આપી અશ્રુભીના હૃદયે વિદાય માન આપ્યું હતું.

– સંકલન શાંતિલાલ રામજી લાલકા.




# વેપાર વધારા માટેની બીટુબી કમિટિ દ્વારા લીંક ખુલ્લી મુકાઈ

આજનો જમાનો ટેક્નોલોજીનો છે. ઘરબેઠા કોઈપણ વસ્તુનો ઓર્ડર આપી તેની ડિલેવરી ઘરમાં મેળવી શકાય છે. તંત્રજ્ઞાન દિવસો દિવસ પરિવર્તન પામતો રહે છે. જેને લીધે એક ક્લીકમાં ઘણી બધી સુવિધાઓ મળે છે.

કેડીઓ બીટુબી સમગ્ર કેડીઓ સમાજને જોડી બિઝનેસ વધારવાની તક પુરી પાડવા માંગે છે. યાંત્રિકરણ અને તંત્રવિજ્ઞાનના સહારે કેડીઓ બીટુબીના પ્લેટફોર્મમાં જોડાઈ જ્ઞાતિના વેપારીઓ પરસ્પર વેપાર કરી શકશે. પોતાના વ્યવસાય માટે તક વધારી શકશે. આ તક જેમ બને તેમ જલદી જોડાઈ લાભ લઈ શકશો.

- પ્રથમ ૫૦૦ રજીસ્ટ્રેશન કરાવનારની માહિતી નિ:શુલ્ક બીટુબી પોર્ટલની વેબસાઈટમાં રજીસ્ટર્ડ કરાશે.
- વેપાર વધારવાની તક આ પોર્ટલમાં આપ સૌને મળશે. વગર શ્રમ, કષ્ટ અને પ્રવાસ કર્યા વગર જ્ઞાતિના વ્યાપારીઓના સંપર્કમાં રહી શકશો. જ્ઞાતિના વ્યાપાર-ઉદ્યોગ જગત માટે આ અમૂલ્ય તક છે.

આ લીંક છે - b2b.kdosamastamahajan.org • વધુ વિગત માટે રાજેશ મોમાયા - ૦૯૮૮૪૧૪૯૪૯૪

---

# નારી સશક્તિકરણનો તા.૨૦ ઓક્ટોબરનો વર્કશોપ કેન્સલ

નારી સશક્તિકરણ સમિતિ દ્વારા તા.૨૦ ઓક્ટોબરના જે વર્કશોપ યોજાયેલ તે રદ કરાયેલ છે. જે તા.૨૩ થી ૨૫ ડિસેમ્બરના નલિયા ખાતે યોજનારા જ્ઞાતિ સંમેલન પ્રસંગે ત્યાં યોજાશે. આમાં હેલ્થ, કાયદાકીય, નાણાંકીય વિષયક જાગૃતિ, વ્યાપાર રોજગારમાં પ્રગતિ, પ્રેરણાયીક વિચારો સાથે વ્યક્તિત્વ વિકાસ વિશે માર્ગદર્શન અપાશે.

---

|| શ્રી સુમતિનાથય નમ: ||

**શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહારાષ્ટ્ર એકમ**

મે. વિરચંદ નરસી, પો.બો.નં.૧૧, મલકાપુર - ૪૪૩ ૧૦૧ (જી. બુલડાણા)

Phone : (07267) 222032, 222232, Gram : Kumar

પ.પુ. સાધ્વી શ્રી સંયમગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪નો ચાર્તુમાસ પારોલા છે. દર્શન વંદનનો લાભ લેશોજી. સવારના ૯ થી ૧૦ વ્યાખ્યાન

## જનરલ સભાનું એજન્ડા

મહારાષ્ટ્ર એકમની જનરલ સભા રવિવાર ૨૩ સપ્ટેમ્બર ૧૮ પારોલા મુકામે બપોરના ૧.૩૦ કલાકે

**પ્રમુખ શ્રી તિલોકચંદબાઈ નરશીભાઈ દંડના અધ્યક્ષતામાં**

નીચે મુજબના વિષયો ઉપર ચર્ચા વિચારણા કરવા બોલાવવામાં આવેલ છે. સર્વેને સમય પર હાજરી આપવા વિનંતી છે.

**વિષય**

૧) શ્રધ્ધાંજલી ૨) પાછળની મિનીટ બુક વાંચીને કાયમ કરવી. ૩) અહેવાલ વાંચન ૪) ઓડીટ થયેલ તા.૩૧-૩-૧૮ સુધીના રીપોર્ટને મંજુરી. ૫) ૨૦૧૮-૨૦૧૯ના અંદાજ-પત્રકને મંજુરી તેમજ કારોબારીની મિટીંગમાં લેવાયેલા નિર્ણયોને મંજુરી આપવી. ૬) ૨૦૧૮-૨૦૧૯ના વર્ષ માટે ઓડીટરની નિમંણૂક કરવી. ૭) વ્યક્તિ વિશેષોનું સન્માન. ૮) એકમના ઉત્કર્ષને અનુલક્ષીને ઉપસ્થિત સભ્યોનું માર્ગદર્શન પર વક્તવ્ય. ૯) પ્રમુખ સાહેબની મંજુરીથી એન સમય પર આવેલ વિષયો પર ચર્ચા વિચારણા તેમજ મંજુરી. ૧૦) કોરમના અભાવે મુલત્વી રહેલ સભા તેજ દિવસે અડધા કલાકે પછી મળશે.

**ટીપ :** ઉતારા તથા જમવાની વ્યવસ્થા મિટીંગના સ્થળે રાખવામાં આવેલ છે.

**નોંધ :** વ્યવસ્થા સરળ થાય તે માટે આપનો મિટીંગના સ્થળે આવવાનો કાર્યક્રમ આઠ દિવસ પહેલા પારોલા સરનામે જણાવશોજી.

**કાર્યક્રમ સ્થળ :**
**શ્રી શાંતિનાથજી જૈન દેરાસર,**
રથ ગલ્લી, પારોલા - ૪૨૫ ૧૧૧.
**ફોન નં.: ૦૨૫૯૭-૨૯૨૪૪૯**

લિ.
**શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહારાષ્ટ્ર એકમ**
માનદમંત્રી
**ગોવિંદજી નેણશી સોની, (ધુલીયા)**

**ટીપ :** ૧) સામાન્ય સભાની મિટીંગમાં કોઈપણ ઠરાવ મુકવો હોય અને જે કોઈ પ્રશ્નો પુછવા હોય તે સર્વ લેખી માનદ મંત્રીશ્રીને મિટીંગની તારીખ પહેલા આઠ દિવસ અગાઉ મળી જાય તે રીતે મોકલી આપવા વિનંતી. ૨) કારોબારી સમિતીની મિટીંગ તા.૨૩-૯ના સવારના ૧૦.૩૦ કલાકે રાખવામાં આવેલ છે.

|| શ્રી મહાવીરાય નમઃ ||    || શ્રી અંબામાતાય નમઃ ||    || શ્રી ભલારાદાદાય નમઃ ||



# સમસ્ત કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિના છેડા ગોત્રના કુળદેવી શ્રી અંબામાતાજીની ૨૫મી સમુહ પહેડી

**રજત જયંતી સમુહ પહેડી નિયાણી બહેનોને સમર્પિત**

સહર્ષ જણાવવાનું કે સમસ્ત છેડા ગોત્રના કુળદેવી **શ્રી અંબામાતાજીની ૨૫મી સમુહ પહેડીનું** આયોજન સંવત ૨૦૭૫ કારતક વદ ૧૦ ને રવિવાર, **તા. ૨/૧૨/૨૦૧૮** નાં શુભ દિને કરવામાં આવેલ છે.

આ શુભપ્રસંગે છેડા ગોત્રના સર્વે ભાવિકો તથા છેડા ગોત્રની નિયાણી બહેનોને સહ પરિવાર પધારવા નિમંત્રણ છે.

## ◈ કાર્યક્રમની આછી રૂપરેખા

- **માતાજીની છબીની સ્થાપના : સવારના ૯.૧૫ કલાકથી**
- **ભક્તિ સંગીત : સવારના ૯.૩૦ કલાકથી**
- **પહેડી પ્રસાદ : બપોરના ૧.૧૫ કલાકથી**
- **ઉત્થાપન : બપોરના ૨.૩૦ કલાકથી**
- **સરસ્વતી સન્માન : બપોરના ૩.૦૦ કલાકથી**

## ◈ શુભ સ્થળ ◈

**સારસ્વત વાડી,**
ઝવેર રોડ, મુલુંડ (વેસ્ટ),
મુંબઈ - ૪૦૦ ૦૮૦.

## ◈ વિશેષ કાર્યક્રમ ◈

નિયાણી બહેનો તરફથી આયોજન કરવામાં આવેલ છે.

**● વિષય : 'કુટુંબ વડીલ વંદના'**

**● શ્રી ઉત્તમ છેડાના સંગીતના સથવારે સુંદર રજુઆત કરશે. ● સમય : સાંજના ૫.૩૦ કલાકથી**

**● ડિનર : રાતના ૮.૩૦ કલાકથી**

## -: વિશેષ નોંધ :-

● આપની સમયસરની હાજરી અમને અને સંગીતકારને પણ પ્રોત્સાહિત કરે છે. સવારના પાંખી હાજરી ને કારણે કાર્યક્રમની શરૂઆત કરવામાં મોડું થઈ જાય છે. તેથી સવારના ૯.૩૦ કલાક સુધી સર્વેને હાજર થઈ જવા નમ્ર વિનંતી. ● પહેડી દરમ્યાન કાળાવસ્ત્રો પહેરવા વર્જીત છે. ● છેડા ગોત્રના સંતાનો તેમજ નીયાણીઓના સંતાનો જેમણે શાળામાં ૧ થી ૯ સુધી ૭૫%, S.S.C.થી S.Y. સુધી ૭૦%, ગ્રેજ્યુએટ અને પોસ્ટ ગ્રેજ્યુએટ પાસ થયેલ દરેક વિદ્યાર્થીઓએ તેમની તેમણે માર્કશીટની ઝેરોક્ષ કોપી તા. ૧૫-૧૧-૨૦૧૮ સુધી નીચેના સરનામે ઓર્ડીનરી પોસ્ટથી પહોંચાડવા વિનંતી. પહેડી દરમ્યાન બહુમાન કરવામાં આવશે. માણેકજી વસનજી છેડા, ફ્લેટ નં.૩૦૫, હોરાઈઝન ફ્લોરા, કસ્તુરબા રોડ, મુલુંડ (વે). ● જાહેરાત ખર્ચ, પ્રસાદી ખર્ચ, નિયાણી બહુમાન ખર્ચ, સંગીત ખર્ચ માટે સ્પોનસરશીપ આવકાર્ય છે. જે પણ ભાવિકોને ઈચ્છા હોય તો કાર્યકર્તાઓનો સંપર્ક કરવા વિનંતી. ● દરેક ભાવિકો તથા છેડા ગોત્રની નિયાણી બહેનોને પોતાના નામ, સરનામા, મોબાઈલ નંબર તથા ઈ-મેલ સરનામું ત્વરિત કાર્યકર્તાઓને મોકલવા નમ્ર વિનંતી. ● રજત જયંતી ઉજવણીને ધ્યાનમાં રાખી નીચેના ડ્રેસ કોડમાં પધારવા નમ્ર વિનંતી. નિયાણી બહેનો તથા ભાવિકાઓ : ખોંભાના છાયલા (ઘરચોડો) અથવા બાંધણી. ભાવિકો : સફેદ કુરતા પાયજામો પહેરવા વિનંતી. ● સમય મળશે તો અન્ય કાર્યક્રમ સાજના સમયમાં ઉમેરવામાં આવશે. ● **બહારગામથી હાજર રહેવા ઈચ્છતા ભાવિકોને માટે ઉતારાના વ્યવસ્થા કરવામાં આવશે. તેથી જેમને પણ ઉતારાની સગવડની જરૂરત હોય તો કાર્યકર્તાઓને ૩૧મી ઓક્ટોબર સુધીમાં આવવાની તારીખ તથા સંખ્યાની જાણ કરવા વિનંતી.**

**છેડા ગોત્રના શ્રી અંબામાતાજી સમુહ પહેડી સમિતિ વતી જય અંબે વાંચશોજી.**

**વધુ વિગત માટે સંપર્ક સાધો**

| | | | | | |
|---|---|---|---|---|---|
| માણેકજી વસનજી છેડા | મુલુંડ | ૯૮૧૯૫૫૬૭૬૭ | દામજી ચાંપશી છેડા | મુલુંડ | ૯૩૨૩૮૬૫૦૩૨ |
| શાંતીલાલ લાલજી છેડા | મુલુંડ | ૯૩૨૧૪૭૮૨૭૦ | હિરાચંદ ધનજી છેડા | ડોંબિવલી | ૯૩૨૧૩૭૮૯૯૯ |
| પિનાકિન જેઠાભાઈ છેડા | મુલુંડ | ૨૫૬૮૬૪૬૮ | ઉમેશ સુરેશચંદ્ર છેડા | મુલુંડ | ૯૮૩૩૫૯૭૪૬૫ |
| કુમાર પ્રેમચંદ છેડા | મુલુંડ | ૯૮૧૯૯૧૯૭૮૩ | ભરત શામજી છેડા | કાંજુરમાર્ગ | ૯૩૨૦૨૧૮૪૦૫ |
| કિશોર શામજી છેડા | ઘાટકોપર | ૯૭૫૭૦૫૩૬૬૭ | નરેશ પ્રેમચંદ છેડા | માટુંગા | ૯૯૬૭૬૫૪૬૫૯ |
| કમલેશ ઝવેરચંદ છેડા | મુલુંડ | ૯૮૨૦૬૩૮૪૫૭ | જયેશ નવિનચંદ્ર છેડા | ભાંડુપ | ૮૬૭૩૬૮૯૭૦ |

# ભૂમિ રાજ ગ્રુપના ભૂપેન્દ્રભાઈ શાહને નવી મુંબઈ આવાઝ દ્વારા સિટી આઈકોન બિઝનેસ કમ્યુનિટી લીડરશીપ એવોર્ડ એનાયત




નવી મુંબઈના અગ્રણી ડેવલપર ભૂપેન્દ્રભાઈ શાહની યશકલગીમાં એક ઓર પીછું ઉમેરાયું છે. ભૂપેન્દ્રભાઈ ઘણા વર્ષોથી બિલ્ડર્સ એસોસિએશન ઓફ નવી મુંબઈ (BANM) ના પ્રેસિડન્ટ તરીકે, છેલ્લા ૬ વર્ષથી ટ્રસ્ટી મેમ્બર તરીકે BANMના મુખ્ય માર્ગદર્શક બળ તરીકે ઉભર્યા છે.

નવી મુંબઈની ડેવલપર કમ્યુનિટીનું સફળતાપૂર્વક નેતૃત્વ કરી તેને નવી ઊંચાઈએ પહોંચાડવા બદલ નવી મુંબઈ અચિવર્સ ૨૦૧૮નો સીટી આઈકોન - બિઝનેસ કમ્યુનિટી લીડરશીપ એવોર્ડ એક ભવ્ય સમારંભમાં નવી મુંબઈના કમિશ્નર રામસ્વામિના હસ્તે એનાયત કરવામાં આવ્યો હતો. દરેક ક્રાંતિનું મૂળ એક મૌલિક વિચારમાં હોય છે. ભુપેન્દ્રભાઈ શાહએ આ ઓરિજીનલ વિચારની શક્તિમાં વિશ્વાસ રાખી બાંધકામ ક્ષેત્ર દ્વારા નવી મુંબઈની કાયાપલટ કરવામાં મહત્વનો ભાગ ભજવ્યો છે. જેની કદરરૂપે આ એવોર્ડ સાથે પર્યાવરણ રક્ષાના પ્રતિકરૂપ છોડના રોપા આપીને તેમના કુશળ નેતૃત્વની કદર કરવામાં આવી હતી. આ વિષે પ્રતિભાવ આપતાં ભુપેન્દ્રભાઈએ જણાવ્યું હતું કે 'કન્સ્ટ્રકશન' એમના માટે વ્યવસાયથી વિશેષ મહત્વ ધરાવે છે.

LA.LAA.PO.
VIPUL ESTATE AGENCY
MAHA RERA Reg : A51800011694
MAHA RERA



Dealing in :
All kinds of
• Residential
• Commercial
• Properties
• Shops
(Sale, Purchase, Rent, Pre-Lease)
• Mulund • Bhandup • Thane
& All Over Mumbai
Email : vipularmada@gmail,com
Vipul L. Poladia
9833060660
9869167172
8369170575
Laxmichand L. Poladia
(LIC AGent)
09930008339
07567207479

Chandresh Somchand Lodaya
(+91) 98671 70789 • 98671 70794




WORK IS WORSHIP
MA OM PARIVAHAN PVT. LTD.
Tel. : 022-21636403 / 05 Fax : 022-21636394
Email : somchand@maom.net
Web : www.maomparivahan.com
WAREHOUSE
Mumbra-Panvel Road, Dahisar (Mori), Dist. Thane
M. : 9867170790 / 781

# શ્રી અરિહંત બેંકની ૩૫મી વાર્ષિક સભા દબદબાભેર સંપન્ન






શ્રી અરિહંત કો-ઓપરેટિવ બેન્ક લિમિટેડ ની ૩૫મી વાર્ષિક સામાન્ય સભા શનિવાર તા. ૨૫ ઓગસ્ટ ૨૦૧૮ ના રોજ મહાકવિ કાલિદાસ નાટ્ય મન્દિર, મુલુંડ (પશ્ચિમ) મુંબઈ મુકામે યોજવામાં આવી હતી. સભાની શરૂઆત બપોરના ૩.૩૦ કલાકે થઈ હતી. સભામાં એકંદરે ૯૩૦ સભાસદો હાજર રહ્યા હતા. સભાનું સંચાલન ડાયરેક્ટરો, શ્રીમતી જલ્પાબેન લોડાયા તથા કુ. મનીષાબેન પોલડીયા એ કર્યું હતું. સભાની શરૂઆત શ્રી અનંતનાથ ભગવાન, શ્રી ગણેશજી અને જ્ઞાતિ શિરોમણી શેઠ શ્રી નરસી નાથાની છબીઓને બેંકના ડાયરેક્ટરો દ્વારા હાર પહેરવામાં આવ્યા ત્યારબાદ બેંકની શાખાઓ માંથી આમંત્રિત કરવામાં આવેલ ગ્રાહકોના હસ્તે દીપ પ્રાગટ્ય કરી સભાની શરૂઆત થઈ હતી.

સભાની શરૂઆત મહામંગલકારી નવકાર મંત્રનું પઠન અને રાષ્ટ્રગીત ગાનથી થઈ જેમાં સૌ હાજર સભાસદો સામેલ થયા હતા.

સૌપ્રથમ બેંકના ચેરમેન શ્રી હિરાચંદભાઈ દંડ દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવેલ. તેમના પ્રવચનમાં તેમણે રાષ્ટ્રીયકૃત અને પ્રાઈવેટ બેન્કોની હાલની કામગીરીની સરખામણીમાં આપણા બેંકની કામગીરીની છણાવટ કરી હતી. હાલમાં બેંકોનું લેણું ભરપાઈ ન થયું હોય તેનો દર ૧૧ ટકા થી વધારે છે અને તેની સરખામણીમાં અરિહંત બેન્કનો દર ત્રણ ટકાની આસપાસ છે જે ખૂબ જ વ્યાજબી અને સંતોષકારક છે.

શ્રી અરિહંત બેન્કના લોન પોર્ટફોલિયોમાં વૃદ્ધિ થઈ છે તેમજ ક્રેડિટ ડિપોઝિટ રેસીઓ પણ સુધર્યો છે જેને કારણે ઓપરેટિંગ નફામાં વૃદ્ધિ થઈ છે પરંતુ ગવર્મેન્ટ સિક્યુરિટી માં થયેલ નિવેશમાં વ્યાજ દર વધવાને કારણે ભાવ ઘટ્યા છે અને એ વેલ્યુએશનમાં મોટો ઘટાડો આવતા તેનું પ્રોવિઝન કરવું પડ્યું છે.

આ પ્રોવિઝન એક બુક એન્ટ્રી છે અને એમાં બેંકને રોકડમાં નુકસાન નથી. સીક્યોરીટીના બજાર ભાવ ઘણા બધા પરિબળોના કારણે વધઘટ થયા કરે છે અને સુધારો પણ ઝડપથી થાય છે. ચેરમેન સાહેબે શુભ સમાચાર આપતા જણાવેલ



# શ્રી અરિહંત બેંકની ૩૫મી વાર્ષિક સભા દબદબાભેર સંપન્ન (૨૦મા પાનેથી ચાલુ)




કે બેંકને સેન્ટ્રલાઈઝ્ડ પેમેન્ટ સિસ્ટમ એટલે કે ifsc code માટે રિઝર્વ બેંક તરફથી મંજૂરી મળી ગઈ છે જેથી ગ્રાહકોની ફન્ડ ટ્રાન્સફરની પ્રક્રિયા ઝડપથી થશે. બેન્કની હાલની કોર બેન્કિંગ સિસ્ટમમાં સુધારો કરવામાં આવશે જેથી ગ્રાહકોની હાલની નાની મોટી મુશ્કેલીઓ હળવી થશે.

ચેરમેન સાહેબે IFFCO Tokio Exide Life Insurance company સાથે થયેલ tie-up ની વાત કરી જેમાં બેંકની શાખાઓ વીમાની પોલિસી ખરીદવામાં બેંકના ગ્રાહકોને મદદ કરશે અને વળતર રૂપે ફીની આવક બેંકને થશે તદુપરાંત IIFL સિક્યુરિટીઝ લિમિટેડ સાથે પણ tie-up કરેલ છે જેના અંતર્ગત શેરબજારમાં ખરીદ-વેચાણ માટે જરૂરી Demat ખાતુ બેંકના ગ્રાહકો ખોલાવી શકશે તેની સાથે મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ, અન્ય loan products, શેરમાં રોકાણ માટે સલાહ વગેરેનો લાભ બેંકના ગ્રાહકોને મળી શકશે. ત્યારબાદ ચેરમેન સાહેબે એક નવી loan scheme મહિલાઓ માટે જાહેર કરી જેમાં બે લાખ સુધીની લોન કોઈ પણ મહિલાને, સીક્યોરીટી વગર, પોતાનો વ્યવસાય કરવા આપવામાં આવશે. ચેરમેન શ્રી એ શેર ધારકોને બેન્કનો શેર કેપિટલ વધારવા મદદ કરવાની અપીલ કરી જેથી કરીને બેન્ક વધારે ઝડપથી પ્રગતિ કરી શકે અને મલ્ટી સ્ટેટ બેન્ક બની શકે, બેંક વિવિધ ટેકનોલોજી વાળી સેવા અને ઈન્ટરનેટ દ્વારા બેંકીંગ વ્યવહાર ગ્રાહકો કરી શકે એવી સુવિધા આપી શકશે.

ચેરમેન શ્રીના ભાષણ બાદ સભાએ અગાઊથી જાહેર કરાયેલ એજન્ડા પ્રમાણે કાર્યવાહી હાથ ધરવામાં આવેલ એના ઉપર ચર્ચા-વિચારણા કરીને સર્વાનુમતે મંજૂર કરાયા હતા. બોર્ડ દ્વારા ડિ ૮ ટકા ડિવિડન્ડની જાહેરાત કરેલ જે સભાસદોએ હર્ષથી વધાવી લીધેલ. ત્યારબાદ ચેરમેન શ્રી એ સભાસદોને તેમના અમૂલ્ય મંતવ્યો, સુચનો આપવા તેમજ પ્રશ્નો પૂછવાની વિનંતી કરેલ. પૂછાયેલા પ્રશ્નોના સંતોષ કારક જવાબ ચેરમેન દ્વારા તેમજ CEO શ્રી કિરણભાઈ પટેલ દ્વારા આપવામાં આવેલ. સભાસદો દ્વારા ખૂબ જ મહત્વના સૂચનો કરવામાં આવ્યા જેવા કે બેંકનું કાર્યક્ષેત્ર વધારવા બાબત, સભાસદોના છોકરાઓ માટે શૈક્ષણિક લોન આપવા બાદલ, આધાર કાર્ડની માહિતીના આધારે ઓનલાઇન ખાતુ ખોલવાની સુવિધા વગેરે જેવા અનેક સૂચનો કરવામાં આવેલ.

શ્રી કુમારભાઈ દંડ જેવો બેંકના ભૂતપૂર્વ ચેરમેન પણ હતા તેમણે તેમના સંબોધનમાં બેંકની અને બોર્ડની કામગીરીને બિરદાવી હતી. ડાયરેક્ટરો તેમના હકની seating fees પણ લેતા નથી તેમજ બેંકના કામ માટે કરેલ પ્રવાસનો ખર્ચ પણ પોતે ભોગવે છે જેવી વાત હાજર રહેલા સભાસદોને કરી અને એની પ્રશંસા કરી જે ઉપસ્થિત સભાસદોએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધી હતી. ઉત્કૃષ્ટ કામગીરી માટે બેંકના સ્ટાફ મેમ્બરોને સહબહુમાન trophy શેરધારકોના હસ્તે સુપ્રત કરવામાં આવેલ. વાર્ષિક સાધારણ સભાની સમાપ્તિ બાદ આઇઆઇએફએલ દ્વારા પાવર પોઈન્ટ સ્લાઈડ દ્વારા શેર બજારની માહિતી, આગળ જતાં શુ ભવિષ્ય છે, રોકાણ માટેની તકો તેમજ કયા સેકટરમાં રોકાણ કરવાથી ફાયદો થઈ શકે જેવી માહિતી આપેલ. ત્યારબાદ શેર બજાર ને લગતા સવાલો પૂછી સાચો જવાબ આપનાર સભાસદોને ઈનામો પણ આપવામાં આવેલ. આ રીતે વાર્ષિક સાધારણ સભા ખૂબ જ સારી રીતે સંપન્ન થઈ હતી

# શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન ચેન્નઈની સભા



શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન ચેન્નાઈની સભા તા. ૧૯.૮-૨૦૧૮ નાં શ્રી જ્યોતિન્દ્રભાઈ લાપસીયીના નિવાસ સ્થાને રાખવામાં આવેલ જૈન મહાજનનાં પદાધિકારીઓ અને સર્વે સભ્યો ભાગ લીધેલ. શ્રી નવકાર મહામંત્રના પઠનથી સભાની શરૂઆત કરવામાં આવી. સમસ્ત મહાજનનાં ટ્રસ્ટી અને ચેન્નઈ મહાજનનાં સેક્રેટરીશ્રી રાજેશભાઈ મોમાયાએ જે દશ સમિતિઓ નીમાઈ છે. દા.ત. યુવાશક્તિ, ખરડા, નારી સશક્તિકરણસ મેડીકલ, એડવાઈઝરી, તેમજ તેમના સદસ્યોની સભાઓ વિચાર વિમર્શ અને કાર્યને આગળ ધપાવવા યોજાતી રહે છે, તે વિષે વિસ્તારપૂર્વક માહિતી પ્રોજક્ટ દ્વારા દર્શાવી આગામા ડિસેમ્બરમાં ચતુર્થ જ્ઞાતિ સંમેલન પ્રોજક્ટર દ્વારા દર્શાવી. આગામી ડિસેમ્બરમાં ચતુર્થ જ્ઞાતિ સંમેલન પૂર્વ વિશેષ વિચારણા અને એના ઉદ્દેશ્યો તેમજ સંમેલન દરમ્યાન



ત્રણ દિવસ''યુવા ટ્રસ્ટ'' અને નારી સશક્તિ કરણ, ૨૦૧૮ દ્વારા વિષય કાર્યક્રમો માહિતી સભર વિચારણ વગેરેની વિગતો સુચીત કરી સર્વે સભ્યોનો ખૂબજ ઉત્સુકતા દર્શાવી અને એ બાબતે શ્રી પ્રવીણભાઈ ડાઘા, શ્રી તીલકચંદભાઈ લોડાયા, શ્રીમતી સરલાબેન લાપસીયા અને શ્રીમતી




જયશ્રીબેન મોતાએ પોતાના મંતવ્યો રજૂ કર્યા જ્ઞાતિ સંમેલન માટે તેમજ દશસમિતિઓમાં સહુનો સંપૂર્ણ સહયોગની અપેક્ષા રાખતા રાજેશભાઈએ સભાની પૂર્ણાહુતી કરી.

જ્ઞાતિ સંમેલન માટે તેમજ દશ સમિતિઓમાં સહુનો સંપૂર્ણ સહયોગની અપેક્ષા રાખતા રાજેશભાઈએ સભાની પૂર્ણાહુતિ કરી કાર્યક્રમનાં સભાના અંતે યુવા ફોરમ પ્રેસીડેન્ટ મિસ્ટર નવીન મોતાએ ટ્રસ્ટીશ્રી રાજેશભાઈ મોમાયા, એ સભ્યોનું તેમજ જ્યોતીન્દ્રભાઈ લાપસીયા પરિવારનો આભાર વ્યક્ત કરેલ અને જ્ઞાતિ સંમેલન માટે યુથફોરમ પૂર્ણ યોગદાન અપાશે સમસ્ત મહાજનનાં ટ્રસ્ટીઓ અને દશસમિતિઓનાં સદસ્યોના સુંદર કાર્યોને બિરદાવેલ કે જેમણે ૧૦૦ દિવસમાંના નાના સમય નાળામાં એક માળખાની ભૂમિકા રચી છે. સભા દરમ્યાન ચોવિહારની સુંદર વ્યવસ્થા લાપસીયા પરિવાર તરફથી રાખવામાં આવેલ. આભાર વ્યક્ત કરી સહુ છૂટા પડ્યા.

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન -ચેન્નઈ, પ્રમુખશ્રી જયશ્રી પી. મોતા.

# પર્યુષણ પર્વ માત્ર ભોજન ત્યાગ જ નહીં, આત્માની ઉન્નતિ માટે છે

વિવિધ કારણોસર પર્યુષણ પર્વ વધુને વધુ ભોજન કેન્દ્રીત થઈ રહ્યું છે. આપણું સંપૂર્ણ ધ્યાન શું ખાવું અને શું ન ખાવું એના ઉપર કેન્દ્રીત હોય છે. આ પર્યુષણ પર્વથી તમારૂ દ્રષ્ટિબિંદુ બદલાવો કારણ કે જૈન ધર્મ ક્યારે ય માત્ર ભોજનને મહત્વ નથી આપ્યું. જૈન ધર્મ માત્ર આત્માની ઉન્નતિનો બોધ આપે છે. પછી તે યોગ્ય ભોજનથી હોય કે ધ્યાન ધરવાથી હોય.

પર્યુષણ પર્વના આઠ દિવસ તમે પોતે ખરેખર કોણ છો, તમારી સાચી ઓળખ શું છે, એ વિષે મનન કરવાનો છે. ભોજન અને પાણીનો ત્યાગ કરવો એ એનો ભાગ છે. આપણે ભોજન અને પાણીનો ત્યાગ આપણે સહેલાઈથી કરી શકીએ છીએ પણ પર્યુષણતો સ્વાદ્ગંથીથી મુક્ત થવાનો અવસર છે બાહ્ય જગતથી આંતર જગતમાં પાછા વળવાનું પર્વ છે, કારણ કે જ્યારે આપણી પાંચેય ઈન્દ્રિયોને સક્રિય કરીએ ત્યારે જ આત્માનો અનુભવ કરી શકીએ છીએ. ભોજન અને પાણીનો ત્યાગ કરવાને બદલે આ પર્યુષણ પર્વમાં તમારા આત્માનો જગાડવાનો સભાનતાપૂર્વક પ્રયત્ન કરો.

– તેજસ ખોના, ટીમયુવા

## શ્રી ભગવતી મહાકાલી મંડળ હુબલી દ્વારા નવરાત્રી ઉત્સવમાં રાસ ગરબાની રમઝટ જમાવાશે

હુબલીના ભગવતી મહાકાલી મંડળ દ્વારા આ વર્ષે સતત ૨૨મા વર્ષે અચલગચ્છ અધિષ્ઠા દેવી મહાકાલી માતાજીની આરાધના સાથે રાસ ગરબા અને વિવિધ હરિફાઈઓનું આયોજન તા.૧૦ ઓક્ટોબરથી તા.૧૮ ઓક્ટોબર સુધી મેફેર ઓડિટોરીયમ, જય ચામરાજ નગર મધ્યે કરાયું છે. વર્ષ દરમ્યાન ફટાકડા ન ફોડનાર કે.જી થી મેટ્રિક સુધીના બાળક બાલિકો કે જેઓના નામ શાંતિલાલ રામજી લાલકા પાસે અથવા મો.નં.૯૨૪૨૨૨૦૮૦૩ ઉપર નોંધાવશે તેમનું સન્માન ઈનામ આપી કરાશે. તા.૧૮-૧૦-૨૦૧૮ના પૂર્ણાહુતિના દિવસે શ્રી ગુલાબચંદ શામજી ખોના પરિવાર તરફથી શ્રી માતાજી દેરાસરમાં જવા વિદાય લઈ પોતાના મૂળ સ્થાનમાં આસન ગ્રહણ કરશે ત્યાં સાંજે ૬.૩૦ કલાકે પરિવાર તરફથી ભાવના ભણાવવામાં આવશે. નવરાત્રીની ભાવના આરાધના તા.૧૦ થી ૧૭ સુધી દરરોજ રાત્રે ૮ કલાકે. ત્યારબાદ સમય મર્યાદા પ્રમાણે દાંડિયા તથા ગરબા રાસ થશે. બુધવાર તા.૧૦ ઓક્ટોબર સવારે ૧૦.૩૧ કલાકે સુમતીનાથ ભગવાન જૈન મંદિર મધુવન થી નવ પરણિત યુગલો દ્વારા વાજતે ગાજતે તેડા કરવામાં આવશે અને વિજયાદશમી તા.૧૮ ઓક્ટો.ના સવારે ૯.૩૦ કલાકે માતાજીની આરતી, ઈનામ વિતરણ બાદ બપોરે ૧૨.૦૫ મિનીટે માતાજી પોતાના મૂળ સ્વસ્થાને જવા વિદાય લેશે.

શ્રી ભગવતી મહાકાલી મંડળ વતી શ્રી શાંતિલાલ રામજી લાલકા, શ્રીમતી બિંદીબેન સચિન મૈશેરી, શ્રીમતી નિકીતાબેન બિજોય મોમાયા, શ્રીમતી ખુશીબેન ભાવેશ શાહ, શ્રીમતી જિનીષાબેન મયૂર પટેલ તથા શ્રીમતી ચૈતાલી સંદીપ લોડાયા ઉત્સવ તૈયારીઓમાં વ્યસ્ત છે.


## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of '**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**' (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

## દક્ષિણ ભારત કચ્છી દશા ઓસવાલ
## જૈન એકમ મહિલા મંચ હૈદરાબાદ
### રજત જયંતિ મહોત્સવ

**દ.ભા.ક.દ.ઓ. જૈન એકમ મહિલા મંચ ''હૈદ્રાબાદ''**

આપ સૌના સાથ ને સહકારથી હર્ષ ને ઉલ્લાસભેર ઉજવે છે
દ.ભા.ક.દ.ઓ જૈન એકમ મહિલા મંચની ''રજત જયંતિ''.
આપસૌને આવકારવા મથીયે તન મનથી આવજો સૌ હર્ષને ઉલ્લાસથી...

**સ્થળ : અલંકીતા રીસોર્ટ, શામીરપેટ, હૈદ્રાબાદ**
**તારીખ : ૨૧, ૨૨, ૨૩ સપ્ટેમ્બર ૨૦૧૮**

**અતિથી વિશેષ**
**શ્રીમતી કીર્તીદાબેન ભરતભાઈ મેકાણી - સીંગાપોર**
Recipient of the President Award for the Environment, Singapore
Environmentalist/Educationalist

**સમ્માનીય અતિથીગણ**
**શ્રીમતી કુસુમબેન હરીશભાઈ ધરમશી (મુંબઈ)**
Ex-Director SPRJ Educational Trust

**માતુશ્રી મધુરીબેન નવીનભાઈ સોનાવલા (બેંગલોર)**
સંસ્થાપક અધ્યક્ષ, દ.ભા.ક.દ.ઓ જૈન એકમ મહિલા મંચ

**શ્રી પૂનમભાઈ એલ. ધરમશી (હુબલી)**
પ્રમુખ, દ.ભા.ક.દ.ઓ. જૈન એકમ

**શ્રી સતીષભાઈ દેવજી આણંદજી મેશેરી (બેંગલોર)**
માનદ્ મંત્રી, દ.ભા.ક.દ.ઓ. જૈન એકમ

**શ્રી ધનપતભાઈ લાલજી મોતા**
પ્રમુખ, શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, હૈદરાબાદ

**શ્રી હિરેનભાઈ (રાજુભાઈ) મુલજી પટેલ**
માનદ્ મંત્રી, શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, હૈદરાબાદ

**શ્રીમતી કાજલ ઓઝા વૈદ્ય**
અતિથિ વક્તા

**શ્રીમતી ભાવના શાહ**
Lions Past District Governor, Mumbai

# રજત જયંતિ મહોત્સવ ના સમર્થક

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન હૈદરાબાદ

મુખ્ય દાતા

દ.ભા.ક.દ.ઓ. જૈન એકમ બેંગલોર

શ્રીમતી લતાબેન મણીકાંત મોમાયા

માતુશ્રી મધુરીબેન નવીનચંદ સોનાવાલા સપરિવાર બેંગલોર

સહાયક દાતા

શ્રીમતી રાજુલબેન રમેશભાઈ પ્રેમજી લોડાયા

શ્રીમતી હિરાવંતીબેન ધનપતભાઈ મોતા

શ્રીમતી મીનાબેન ગુલાબભાઈ મોતા

માતુશ્રી સોનબાઈ મુલજી પટેલ

શ્રી ધીરજભાઈ જેતશી ધુલ્લા

શ્રીમતી મીનાક્ષીબેન મોનીક ધરમશી

શ્રીમતી જયશ્રીબેન ભરતભાઈ મોતા

શ્રી કોશીક જયચંદભાઈ મૈશેરી

સહકાર દાતા

મેસર્સ અલકા માર્કેટીંગ (માતુશ્રી રાજબાઈ પદમશી મોતા)

❖ ❖ ❖

દ.ભા.ક.દ.ઓ. જૈન એકમ મહિલા મંચ

પ્રમુખ

શ્રીમતી લતાબેન મણીકાંત મોમાયા

ઉપ-પ્રમુખ

શ્રીમતી કાન્તાબેન પ્રફુલ દંડ

| | |
|---|---|
| માનદ્ મંત્રી | સહ-માનદ્ મંત્રી |
| શ્રીમતી ગ્રીષ્મા ગીરીશ મોતા | શ્રીમતી ધારીણી પારસ જાગીરદાર |
| ખજાનચી | સહખજાનચી |
| શ્રીમતી મીનાક્ષી મોનીક ધરમશી | શ્રીમતી છાયા વસંત મોતા |
| કમીટી મેમ્બર્સ | કમીટી મેમ્બર્સ |
| શ્રીમતી જયશ્રીબેન ખુશાલ ધરમશી | શ્રીમતી હેમાલી નીતેશ મોતા |
| શ્રીમતી સોનલ ચેતન લાપસીયા | શ્રીમતી તેજલ કોશીક મૈશેરી |




● વીશા ઓશવાલ જૈન ગુર્જર જ્ઞાતિ પ્રમુખપદે બીજી વખત ચૂંટાઈ આવેલ પૂર્વ ધારાસભ્ય મુકેશભાઈ ઝવેરીનું મહાવીર જૈન મંડળ દ્વારા અભિવાદન પ્રસંગે ભુજના મુંદરા રોડ રિલોકેશન સાઈટમાં વસતા જૈન પરિવારો માટે તથા સાધુ સાધ્વીજી ભગવંતોની સુવિધાર્થે ઉપાશ્રય અથવા સ્થાનક નિર્માણની માંગ મૂકાઈ હતી.

● કચ્છી જિલ્લાની ૧૭૭૪ શાળાઓમાંથી ભચાઉ કન્યા શાળાને સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ દ્વારા કચ્છની શ્રેષ્ઠ શાળા જાહેર કરવામાં આવી છે. ભારત સરકારના માનવ સંશાધન વિકાસ મંત્રાલય દ્વારા શાળાઓમાં પાણી સ્વચ્છતા અને આરોગ્ય અંગેની કામગીરીને બિરદાવવા માટે શ્રેષ્ઠ સ્વચ્છ વિદ્યાલય પુરસ્કારની પહેલ કરાઈ છે.

● જાયન્ટ ગ્રુપ ઓફ ભુજના પૂર્વ પ્રમુખ લાયન્સ ક્લબ ઓફ ભુજના સહમંત્રી તથા કચ્છ આત્મહત્યા અટકાવ ફોરમના ઉપપ્રમુખ શૈલેન્દ્રભાઈ રાવલ શ્રાવણમાસ દરમ્યાન ૩૦ દિવસ સુધી કચ્છના અલગ અલગ શિવ મંદિરોમાં ૧૧૦૦ કિ.મી.ની સાઈકલિંગ કરી વિશ્વશાંતિ. લોકોમાં એકતા રહે, આત્મહત્યા અટકાવ સંદેશ જાગૃતિ તથા સારા વરસાદ માટે પ્રાર્થના કરશે. પ્રત્યેક દિવસે ૩૬ કિ. મી. થી વધુ અંતર સાઈકલ દ્વારા કાપશે.

● રાજ્ય પરીક્ષા સમિતિ દ્વારા કચ્છના ધો. ૧૦ અને ધો. ૧૨ ના ચાર શિક્ષકો ને પેપર ચકાસણીમાં ભૂલ બદલ દંડવસૂલીનો આદેશ આપ્યો છે. શિક્ષકોની નાની નાની ભૂલોના કારણે અનેક વિદ્યાર્થીઓ નાપાસ થાય છે. તેમાંના જેમને પોતાના પર વિશ્વાસ હોય તેવા છાત્રો પેપરનું રીચેકિંગ કરાવે છે. દંડની કાર્યવાહીમાં શિક્ષકોને એક ગુણના ભૂલ બદલ રૂા. ૫૦ નો દંડ કરવામાં આવે છે.

● વર્ષ ૨૦૧૭-૧૮ દમ્યાન કચ્છ ક્ષેત્રમાંથી માલ અને સેવાકર જી.એસ.ટી. ૨૨૪૩ કરોડ રૂા. કર વસૂલાયો છે. જે આગામી વર્ષ દરમ્યાન ૩ હજાર કરોડને આંબી જશે એવા સંકેત છે. ચાલુવર્ષના પ્રથમ ત્રણ મહિના એપ્રિલ-મે-જૂન દરમ્યાન જ રૂા. ૧૦૦૦ કરોડ જી.એસ.ટીના ભરાયા છે. જી.એસ.ટી તળે કચ્છના ૯૯૮૦ કરદાતાઓ નોંધાયા છે.

● કચ્છના સાંસદ વિનોદભાઈ ચાવડા અને ભુજના ધારાસભ્ય ડૉ. નિમાબેન આચાર્યની આગેવાનીમાં ભુજ સુધરાઈના મહિલા પ્રમુખ લતાબેન સોલંકી સહિત ૧૧ નગરસેવિકાએ દિલ્હી ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી રક્ષા દોરો બાંધી ભારતની નિરંતર સેવા કરતા રહો એવી એવી શુભેચ્છા આપી હતી.

● ગઢશીશા જૈન મહાજન દ્વારા ભોજાય સર્વોદય ટ્રસ્ટના ઉપક્રમે મુંબઈ સ્થિત દાતા પાનબાઈ તલકશી પાલણ વિસરીયા પરિવારના સૌજન્યથી નિ:શુલ્ક નેત્ર નિદાન તથા સારવાર કેમ્પ યોજાયો જેમાં ૨૫૦ દર્દીઓનું પરીક્ષણ કરાયું.

● શ્વેતાંબર મૂર્તિ પૂજક તપગચ્છ જૈન સંઘના ઉપક્રમે માંડવીના સમસ્ત જૈન સમાજના પાંચ ગચ્છના ભાવિકોની ઉપસ્થિતિમાં જૈનાચાર્ય વિજય પ્રદીરચંદ્ર સૂરિશ્વરજી મ.સા.ની નિશ્રામાં જૈનાચાર્ય વિજય રામચંદ્ર સૂરિરજી મ.સા.ની નિશ્રામાં ૨૭મી સ્વર્ગારોહણ તિથિ ભક્તિભાવ પૂર્વક ઉજવાઈ

● છ કોટિજૈન સંઘના પૂ. કોમલશ્રીજી મહાસતીની નિશ્રામાં અને પૂ. જિનશ્રીજી મહાસતીની સંયમ જીવનના ૨૫ વર્ષ નિમિત્તેના કાર્યક્રમમાં માત્ર સાત વર્ષની ઉંમરે ભક્તામર સૂત્રને કંઠસ્થ કરનાર માંડવીના તનય મીતલભાઈ સંઘવીના કંઠે ગવાયેલા જાણીતા કલાકાર નિર્મલભાઈ સંઘવીએ સંગીતના સથવારે તૈયાર કરેલી ભક્તામર સૂત્રની સીડીનું વિમોચન કરાયું.

● નાગરિક સંરક્ષણના આંખકાન અને કરોડરજુ સમાન ભુજશહેરના વોર્ડન સભ્યોને પાંચદિવસની રાજ્યકક્ષાની રિફ્રેશર તાલીમ ૧૧૪ સભ્યે મેળવી. જેમાંના ૧૦ તાલીમાર્થીઓ પાસ થતા તેમને પ્રમાણપત્ર વિતરણ કરાયા હતા.

● નવચેતન ભગવાન મહાવીર માનવ કલ્યાણ કેન્દ્ર દ્વારા શહેરની ભાગો બે છૂટક મજૂરી કે કચરો, ભંગાર એકઠા કરી પેટીયું રળતા અને રોજગાર માટે સતત વિચરતાં રહેતા શ્રમજીવી પરિવારોના શાળા પ્રવેશથી વંચિત બાળકો માટે ''નવચેતન અક્ષરજ્ઞાન પાઠશાળા'' ભુજમાં શરૂ કરવામાં આવી છે.

● મૂળભુજના અને હાલમાં ઓસ્ટ્રેલિયાના મેલબોર્ન રહેતા કૃણાલ નૈષધ મહેતાએ તેમની સંગીત ટીમ ધ મેલાડી થિયેટરએ રચેલું શહીદ ભગતસિંહ આધારિત ગીત રચ્યું છે. જેનું રીલીઝ આઝાદીના ૭૨મા સ્વાતંત્ર્ય પદે પ્રસંગે ઓસ્ટ્રેલિયાની વિકટોરિયા પાર્લામેન્ટ અને ભારતીય દૂતા વાસના મેલબોર્ન કાર્યાલય ખાતે લોન્ચ કરાયું છે.

# કે.ડી.ઓ. કલાસિક ફાઉન્ડેશન દ્વારા પ્રસંશનીય શૈક્ષણિક પ્રવૃતિ



કે.ડી.ઓ. કલાસિક ફાઉન્ડેશન દ્વારા 'જ્ઞાન પ્રોજેક્ટ' હેઠળ જ્ઞાતિના વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય પુરી પાડવાનું પ્રસંશનીય કાર્ય કરવામાં આવી રહ્યું છે. આ પ્રોજેક્ટ હેઠળ આ વર્ષે સમાજના ૬ વિદ્યાર્થીઓને કચ્છની વીરાયતન સંસ્થામાં પ્રવેશ આપવામાં આવ્યો છે. આ સર્વ વિદ્યાર્થીઓની બોર્ડિંગ ફી, સ્કૂલ ફી, પાઠ્ય પુસ્તકો અને ભોજનનો સંપૂર્ણ ખર્ચ ફાઉન્ડેશન દ્વારા આપવામાં આવશે. આ ઉપરાંત કુ. ખુશ્બૂ વિનોદ મોમાયા (વરાડીયા)ને ભુજ મર્કન્ટાઈલ કો.ઓપ. બેંક (બી.એમ. સી.બી.)ની નર્સિંગ કોલેજમાં પ્રવેશ અપાવવામાં આવ્યો છે. કચ્છ યુનિવર્સિટી સાથે સંલગ્ન આ નર્સિંગ કોલેજ નવી દિલ્હીના ઈન્ડિયન નર્સિંગ કાઉન્સીલ અને અમદાવાદની ગુજરાત નર્સિંગ કાઉન્સીલ દ્વારા માન્યતા પ્રાપ્ત છે.

આ જ્ઞાન પ્રોજેક્ટ શરૂ કરવાનો વિચાર અને તેના પાછળનું પ્રેરકબળ સંસ્થાપક શ્રી મણિકાંતભાઈ ધુલ્લા છે અને એની સફળતાનું સંપૂર્ણ શ્રેય શ્રી મણિકાંતભાઈને જાય છે.


**જ્ઞાતિમૈયા માં**

**આપની કોઈપણ મેટર અથવા જાહેરાત મોકલો**

Email Id : gyatimaiya2018@gmail.com

Email Id : mahajansamast@gmail.com

Website : www.kdosamastamahajan.org

**અથવા વૉટસએપ પર મોકલો**

**9769991922**
**9820302853**
**9322257731**



• Exclusive Gharchola
• Bandhani
• Patola • Panetar
• Chaniya Choli
• Designer Saree

જ્યોતિ

Silk Saree Emporium

28, Gani Mansion, Shop No.1, Behind Arora Cinema
Matunga (C.R.), King Circle, Mumbai - 400 019.
Tel. : 24043995 • Time : 11 am to 7 pm
Sunday Closed

# અનંતનાથ દાદા ના દરબારે નવગ્રહ, દસ દિક્પાલ, અષ્ટમંગલ પૂજન સાથે સતરભેદી પૂજા





અનંતનાથ જિનાલયમાં બિરાજમાન શ્રી અનંતનાથ દાદાનો ૧૮૫મો ધ્વજા મહોત્સવ, ત્રયાનિહકા મહોત્સવ દરમ્યાન તૃતીય દિવસ ૧૯.૦૮.૨૦૧૮ ને રવિવારના સવારે ૮.૩૦ કલાકે નવગૃહ, દસ દિકપાલ, અષ્ટમંગલ પૂજન સાથે સત્તર ભેદી પૂજા શ્રી અનંતનાથ દાદાની ૧૮૫મી ધ્વજા શેઠશ્રી નરશી નાથાના વારસદારો શ્રી રમેશ વિસનજી નાગડા (નલિયા) તથા શેઠશ્રી કુસુમકાંત વર્ધમાન નાગડા પરિવારના સભ્યો દ્વારા તથા પાર્શ્વનાથ ભગવાન અને મહાવીર સ્વામી દેરીની ધ્વજા ચડાવા દ્વારા લાભ લીધેલ પરિવારના સભ્યો દ્વારા લહેરાવવામાં/ચડાવવામાં આવી.

૧ મૂળનાયક શ્રી અનંતનાથ દાદાની ધ્વજાનો કાયમી લાભ શેઠશ્રી નરશી નાથા પરિવારના વારસદારોએ લીધેલ.

૨ ઉછામણી દ્વારા લાભ લીધેલ છે.

શ્રી પાર્શ્વનાથ ભગવાન - માતુશ્રી કસ્તુરબાઈ દેવજી પટેલ પરિવાર સાંધાણ/મસ્જિદ બંદર

શ્રી મહાવીર સ્વામીજી  શ્રી રાયચંદ શીવજી છેડા પરિવાર વારાપધર/મસ્જિદ બંદર

૩ ૨૧ દેરીઓના આદેશ નીચેના ભાગ્યશાળી પરિવારોને કાયમી લાભ આપવામાં આવેલ છે.

દેરી નં ૧ શ્રી આદિનાથજી - શ્રીમતી કલ્પના શામજી દંડ તથા સાંધવ /મુલુંડ શ્રીમતી ગીતા વિનોદ ડાઘા વરાડિયા /મુલુંડ

દેરી નં ૨ શ્રી અજીતનાથજી - શ્રી ટોકરશી આણંદજી લાલકા લાલા /ઘાટકોપર

દેરી નં ૩ શ્રી સંભવનાથજી - શ્રી પ્રેમચંદ મુલજી સોનાવાલા નલિયા /વડાલા

દેરી નં ૪ શ્રી અભિનંદનજી સ્વામી - શ્રી કેશવજી વેલજી મોમાયા વરાડિયા/મસ્જીદબંદર

દેરી નં ૫ શ્રી સુમતિનાથજી - શ્રી નરશી જેઠાભાઈ દંડ વરાડિયા / મલકાપુર

દેરી નં ૬ શ્રી પદ્મપ્રભુ સ્વામી - શ્રી માતુશ્રી જેઠીબાઈ હીરજી ખોના નલિયા /માહિમ

દેરી નં ૭ શ્રી સુપાર્શ્વનાથજી - શ્રી માતુશ્રી કાંતાબેન ગોવિંદજી અજાણી કોઠારા / ઘાટકોપર

દેરી નં ૮ શ્રી ચંદ્રપ્રભુ સ્વામી - શ્રી ગોવિંદજી ખીમજી દંડ લાલા /કિંગ સર્કલ

દેરી નં ૯ શ્રી સુવિધિનાથજી - શ્રી કિશોર શીવજી મોતા લાલા / મુલુંડ

દેરી નં ૧૦ શ્રી શીતલનાથજી - માતુશ્રી પ્રેમીલાબેન મેઘજી પદમશી મોતા વારાપધર / મુલુંડ

દેરી નં ૧૧ શ્રી શ્રેયાંશનાથજી - માતુશ્રી નવલબાઈ દામજી હંસરાજ ઘરમશી સુથરી / ચેમ્બુર

દેરી નં ૧૨ શ્રી વાસુપૂજ્ય સ્વામી - માતુશ્રી કસ્તુરબાઈ કરમશી વિકમશી જખૌ / વડાલા

દેરી નં ૧૩ શ્રી વિમલનાથજી  - શ્રી હીરાચંદ અરજણ પટેલ બાંઢીયા  / ડોમ્બીવલી

દેરી નં ૧૪ શ્રી ધર્મનાથજી - શ્રી કાંતિલાલ ખીમજી ગોસર બારોઇ / મસ્જિદબંદર

દેરી નં ૧૫ શ્રી શાંતિનાથજી - માતુશ્રી વાલબાઈ રાયચંદ ઠાકરશી નાગડા સાંધાણ /મુલુંડ

દેરી નં ૧૬ શ્રી કુંથુનાથજી - શ્રી નરશી હંસરાજ ખોના તેરા / માટુંગા

# અનંતનાથ દાદા ના દરબારે નવગ્રહ, દસ દિક્પાલ... (૨૮મા પાનેથી ચાલુ)





દેરી નં ૧૭ શ્રી અરનાથજી – શ્રી મુરજી રાઘવજી લોડાયા સાંધવ / દાદર
દેરી નં ૧૮ શ્રી મલ્લીનાથજી – શ્રી નરેશભાઈ શામજી ખોના સુથરી / મસ્જીદબંદર
દેરી નં ૧૯ શ્રી મુનિસુવ્રત સ્વામી – શ્રી જયંતભાઈ ભવાનજી સોની સુથરી / જુહુ
દેરી નં ૨૦ શ્રી નમીનાથજી – શ્રી રાયચંદ હંસરાજ ધરમશી સુથરી / ચેમ્બુર
દેરી નં ૨૧ શ્રી નેમનાથજી – માતુશ્રી લક્ષ્મીબાઈ રાયચંદ ધુલ્લા સુથરી / મસ્જીદબંદર







શ્રી મુંબઈ મહાજનશ્રીની વ્યસ્થાપક સમિતિના ધાર્મિક સમિતિના કન્વીનર શ્રી હિરેન નવીનચંદ્ર લાપસિયા, શ્રી નરેશ શામજી ખોના તથા ગુરુભક્ત પરિવાર શ્રી ગોરેગામ અચલગચ્છ ગુણ ગુલાબ પાઠશાળા, મીનાબેન મહેશભાઈ ગાલા મેરાઉ/ મલાડ, અને વનીતાબેન વસનજીભાઈ દેઢીયા/સાયન દ્વારા ગોળની પ્રભાવના, તેમ જ દર વર્ષની જેમ કાયમી ધ્વજાના લાભાર્થી પરિવારો દ્વારા શ્રીફળની પ્રભાવના ધ્વજા બાદ કરવામાં આવેલ.

શ્રી મસ્જીદબંદર સંઘ તરફથી સાધર્મિક ભક્તિનો આયોજન કરવામાં આવેલ.





# જીવન ઘટમાળ

**• આંતરજ્ઞાતિ સગપણ •**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૫-૦૮-૨૦૧૮ | મુલુંડ | વિરલ નવીન નારાણજી ધુલ્લા | બાયઠ | ૨૬ |
| | થાણા | નિધિ ધર્મેન્દ્ર દિનેશ સિગાડીયા | પોરબંદર | ૨૬ |
| ૨૭-૦૮-૨૦૧૮ | મદુરાઈ | રૂષભ પંકજ રતિલાલ છેડા (શાહ) | મુહરા | ૨૮ |
| | નાંદગાવ | પલક મુકુન્દ ગોવિંદજી દંડ (શાહ) | લાલા | ૨૮ |

**• જ્ઞાતિ સગપણ છુટા •**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૫-૦૮-૨૦૧૮ | ડોંબિવલી | દીપક રાજેશ શામજી લાપસીયા | રંગપુર | ૨૭ |
| | અહમદાબાદ | ચાંદની વીરેન્દ્ર દામજી છેડા | સુથરી | ૨૫ |

**• આંતરજ્ઞાતિ લગ્ન નોંધ •**

| | | | | |
|---|---|---|---|---|
| ૦૫-૦૨-૨૦૧૮ | મુલુંડ | જયેશ અનિલ હરિશ્ચંદ્ર પાટીલ | તોંડાવલી | ૨૭ |
| | મુલુંડ | ભક્તિ નરેન્દ્ર પદમશી મૈશેરી | બાંઢિયા | ૩૨ |

**• મરણ •**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૮-૦૮-૨૦૧૮ | મુલુંડ | રાજેશ ભવાનજી લાપસીયા | રંગપુર | ૬૧ |
| ૨૯-૦૮-૨૦૧૮ | મીરા રોડ | દિનેશ વેલજી ગોસર | ગોએરસમા | ૬૫ |
| ૩૧-૦૮-૨૦૧૮ | ડોંબિવલી | તરૂનપ્રભા (તરલા) ગોવિંદ દંડ | લાલા | ૬૭ |




શુભેચ્છા સહ :- માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર (ગામ - સાયરા)

insurancekhoj.com™

the ultimate stop for insurance ™

# INSURE YOUR COMMERCIAL VEHICLES

# TODAY!



## NOW SAVE UPTO 90% ON PREMIUM OF YOUR COMMERCIAL VEHICLES

**(ZERO DEP COVER AVAILABLE*)**

*Yashodhan Karani - 9821137737 • Deepak Karani - 9821082664*

# karani

insurancekhoj@gmail.com • 9004999900

# 404 BPS Plaza, Devidayal Road, Mulund West, Mumbai-80

**MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL**

|| શ્રી અનંતનાથાય નમઃ ||



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

# શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

તા. ૦૪-૦૫-૨૦૧૮

શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિજનો જોગ,

સવિનય જણાવવાનું જે **શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જ્ઞાતીનું ચર્તુથ સંમેલન તા.૨૩, ૨૪ અને ૨૫ ડિસેમ્બર ૨૦૧૮ના રવિવાર, સોમવાર અને મંગળવાર** ના દિવસે નલીયા મુકામે **શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, નલીયા**ના યજમાન પદે આયોજન કરવામાં આવી રહ્યું છે. જેની નોંધ લેશોજી.

આ અંગેની વધુ માહિતીઓ જ્ઞાતિના તમામ મહાજનોને ટુંક સમયમાં મોકલવામાં આવશે.

સર્વે જ્ઞાતીજનો, જ્ઞાતી સંસ્થાના પદાધિકારીઓને જાણ થાય કે આ સમય દરમ્યાન પોતપોતાના અંગત તથા સંસ્થાગત કાર્યો ગોઠવવા નહી, જેથી જ્ઞાતિજનો સંમેલનમાં ભાગ લઈ શકે.

સંમેલન પ્રસંગે પધારનાર પ્રતિનિધિઓને **તા.૨૨-૧૨-૨૦૧૮ શનિવાર** ના નલિયા મુકામે પહોંચવાનું રહેશે.

**નીશિથ એ. દંડ**

(સેકેટરી જનરલ)

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

(ધી બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એક્ટ ૧૯૫૦ આર નં.એ ૩૯૨૬ (મુંબઈ) ૧૯૯૨)

mahajansamast@gmail.com

Gyatimaiya
Weekly E-magazine